ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# હા... સાહેબ !

"અરે વાહ..! આજ તો ગ્રીન શર્ટ પહેર્યુ છે ને..!"

"આજે વિશ્વ પર્યાવરણ દિવસ છે ને ?! ઉજવણીમાં થોડા ભાષણો કરવા પડે..! થોડા વૃક્ષો વાવવા પડે..! એટલે આ બધુ..!!"

"હા...હા..! બધા નાટક છે નાટક..! પર્યાવરણની વાતો કરવી અને આડેધડ વૃક્ષો કાપવા... અર્થાત કપાવા દેવા..! પ્લાસ્ટીકની ફેક્ટરીઓને લાયસન્સ આપવા અને પ્લાસ્ટીક વીણવા નીકળવુ..!! ગંદકીના ઢગલા થવા દેવા અને પછી ઝાડુ સાથે ફોટા પડાવવા..! આવું જ ને ?!"

"કમળો હોય એને બધુ પીળુ જ દેખાય..! એમને એમ આટલી બધી જાગૃતિ આવી ગઈ છે ?!"

"ના...ના..! અત્યાર સુધી બધા ભોટ હતાં..?! બાપ-દાદાઓએ વડ-પીપળાની પૂજા કરી છે..! બહેન-દીકરીઓએ તુલસી ક્યારે દિવા કર્યા છે..! ગોર મહારાજો ધરો અને તુલસી પાન અને પુષ્પ વગર પૂજા નથી કરાવતા..! તમે કંઈ બધુ નવી-નવાઈનું નથી કરતાં..!"

"તમેય...પણ..! વાતને આડે પાટે લઈ જવામાં સાવ વિરોધપક્ષ જેવા છો..! સાંભળવાનું નહી... સમજવાનું નહિ...ને દીધે જ રાખવાનું..."

"એટલી તો સમજણ પડે છે...કે... ઊંધો પાટો કોને કહેવાય અને સીધો પાટો કોને કહેવાય... પણ તમારો સ્વભાવ પેલો માર્કેટીંગનો થઈ ગયો છે ને..?! એટલે મૂળ વાત નથી સમજાતી... મહિમાગાન જ સંભળાય છે..!"

"જોયું... જોયું ને..! કેવા જીદ્દી છો તમે... પકડ્યું એટલે પકડ્યું..! વાત સમજો... વાતનો સંદર્ભ સમજો... વાતનો હેતુ સમજો..!! કે બસ વિરોધ કરવો એટલે કરવો જ....!"

"સાચું કહું તમને..?! સ્વભાવ તો તમારો બગડ્યો છે..! કે તમને બધામાં વિરોધ જ દેખાય છે..!"

"આમાં વિરોધની ક્યાં વાત છે..!?! દાદાઓના દાદાઓ પણ વૃક્ષો વાવતા'તા... આજે આપણે પણ વાવીએ છીએ... એમના ઉગતા'તા અને આપણા ઉગતા નથી..!"

"...જો...જો... પાછુ..."

"અરે વાક્ય તો પુરૂ કરવા દો..! આપણા વડિલોએ પર્યાવરણને શાસ્ત્ર સાથે જોડ્યું..! ધર્મ સાથે જોડ્યું..! અને મૂળ હેતુને જડબેસલાક બનાવ્યો..! અને એટલે જ યુગોના યુગો સુધી એ સંસ્કાર બની ગયા..! અને હવે..!"

"શું હવે એટલે શું..?! સમય પ્રમાણે બદલાવ લાવવો જ પડે..! પહેલા પ્રસંગે ઢોલ વાગતું... કાલાંતરે બેન્ડ આવ્યા અને હવે ડીજે..!! એમાં ખોટું શું છે..?!"

"અરે... સાચા-ખોટાની વાત નથી... સારા-નરસાની વાત છે... સારૂ શું છે એ તારવવું પડશે એ સમજવું પડશે..! વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાય... ધામધૂમથી ઉજવાય તેને સલામ છે... પણ પ્રદુષણની માત્રાઓ ઘટાડવા માટે નક્કર અને નીડર પગલા લેવાવા જ જોઈએ..!!"

"હં...અ...અ..! સો ટકાની વાત..! આપણી પરંપરાઓ

● અનુસંધાન પાન-૭ પર





પ્લાસ્ટીક મુક્ત પાટનગર - વિશ્વ પર્યાવરણ દિનની પૂર્વ સંધ્યાએ પ્લાસ્ટીક મુક્ત પાટનગરના અભિયાનને શાસન અને સમાજે સહિયારો આરંભ કર્યો છે... મહાનગરપાલિકાના સફાઈ વિભાગ દ્વારા પાટનગરમાં ઠેર ઠેર પ્લાસ્ટીક વિણતા શ્રમિકો નજરે પડતા હતા... જ્યારે સ્વૈચ્છિક સંગઠનો પણ પ્લાસ્ટીક મુક્તિ માટે પ્રતિજ્ઞા વાંચન કરતા હતા અને પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી... ઈચ્છીએ આવનારા દિવસો પર્યાવરણ દિનની ઉજવણીને સાર્થક કરનારા નિવડે... અને સાચા અર્થમાં પ્લાસ્ટીક મુક્ત પાટનગર બને....

# શહેરમાં તાવના વધુ ૧૩૫ કેસ મળ્યા

## શહેરના સે. ૨૨, ૩૦, ૧૩, ૧૪, ૨૯, ૫ અને ૧૨માંથી ૧૩૫ કેસ તાવના મળ્યા : ૧૫૬ સ્થાનો પર મચ્છરના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સે. ૨૨, ૧૩, ૩૦, ૫, ૧૨, ૧૪ અને ૨૯માંથી ૧૩૫ જેટલા તાવના કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

શહેરમાં વાહકજન્ય રોગચાળા અંગે શરૂ થયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન કુલ ૧૭૬ કેસ તાવના મળી આવ્યા છે જે પૈકી ૧૩૫ કેસ તો આ ૭ સેક્ટરોના જ મળ્યા છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા બે દિવસ દરમ્યાન ૧૫,૪૩૩ મકાનોનો સર્વે કરવામાં આવ્યો છે જેમાં આ કેસ મળી આવ્યા છે. તાવના મળી આવેલા તમામ દર્દીઓના લોહીના નમૂના લઈ અને તે પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૨૨માં થી ૨૩, સે. ૨૯માંથી ૧૨, સે. ૩૦માંથી ૧૭, સે.૫માંથી ૧૮, સે. ૧૨માંથી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં અસહ્ય ઉકળાટ

## દિવસે આકરી ગરમી અને રાત્રે અસહ્ય બફારાથી વસાહતીઓ હેરાન પરેશાન : વરસાદની આતુરતાપૂર્વક જોવાતી રાહ

ગાંધીનગર, તા. ૫

ચોમાસાના આગમન પહેલા ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં અસહ્ય ગરમી અને બફારો અનુભવાઈ રહ્યો છે. વસાહતીઓ ગરમી અને બફારાથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ચોમાસાના આગમન પહેલા અનુભવાતા અસહ્ય બફારાએ સૌને બેચેન કરી મુક્યા છે.

ભારતના દક્ષિણ ભાગમાં ચોમાસુ જમાવટ કરી રહ્યુ છે. જ્યારે પ્રી-મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે સૌરાષ્ટ્રના કેટલાક ભાગો અને દક્ષિણ ગુજરાતના સુરત સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદી ઝાંપટા પડ્યા છે. જો કે હજુ ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે સાથે સાથે ભેજનું પ્રમાણ વધતાં બફારો ખુબ વધ્યો છે. ગાંધીનગરની ભૌગોલિક સ્થિતિ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં ૨૭૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળ્યા

## તાવના વધુ ૩૯૬ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા માટે ત્રીજા તબક્કામાં હાથ ધરાયેલ સર્વેલન્સના આજે બીજા દિવસે ૧૧૧૨ સ્થાનો પરથી મચ્છરના બ્રીડીંગ મળી આવ્યા છે. આમ બે જ દિવસમાં ૨૭૦૦થી વધુ સ્થાનો પરથી મચ્છરોના બ્રીડીંગ મળતાં જિલ્લા મેલેરિયા તંત્ર ગંભીર બન્યુ છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આજે સર્વેલન્સ દરમ્યાન ૨૪૪૨૪૧ વ્યક્તીઓને આવરી લેવામાં આવ્યા હતા. આ સર્વેલન્સ દરમ્યાન ૩૯૬ કેસ તાવના મળી આવ્યા છે. જે દર્દીઓના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

બે દિવસમાં ૮૦૦થી વધુ કેસ તાવના શોધી કાઢવામાં આવ્યા છે જ્યારે ૨૭૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે સર્વેલન્સ દરમ્યાન ૪૯,૪૮૪ મકાનોને પણ આવરી લેવામાં આવ્યા છે.

ત્રીજા અને અંતિમ તબક્કાના આ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સને તંત્રએ વધુ સઘન બનાવ્યુ છે. ચોમાસા પૂર્વેનું આ સર્વેલન્સ અત્યંત મહત્વનું હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં મેલેરિયાના કેસોમાં ઘટાડો નોંધાયો છે જો કે ડેન્ગ્યુના કેસોમાં ગત વર્ષે થોડોક વધારો જોવા મળ્યો હતો. તંત્રએ બાંધકામ સાઈટોના સંચાલકોને પણ એન્ટી લારવેલ કામગીરી ચોકસાઈ સાથે કરવાની સૂચનાઓ અગાઉથી જ આપી દીધી છે જે નોંધનીય છે.

# સે-૮ ના જી-૧ કક્ષાના બંધ મકાનોમાં પાંગરતા દુષણોથી સ્થાનિકોમાં ભય

## સેકટરના જી-૧ કક્ષાના બ્લોક નં -૬૮૦/૩ માં સફાઇના અભાવે કચરાના ઢગ જાણભેદુ ગઠીયાઓ બંધ સરકારી બ્લોકમાં રાત્રિરોકણ કરતા રહીશોમાં ફફડાટ

ગાંધીનગર તા ૫

શહેરમાં સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ ભયજનક હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જયારે સેકટરોમાં રહેણાંકને લાયક મકાનો પણ લાંબા સમયથી બંધ હાલતમાં હોવાથી આ મકાનોમાં અજાણ્યા શખ્સો અડ્ડો જમાવી બેસતા સ્થાનિકોની સલામતી સામે જોખમ મંડરાયુ છે. સે-૮ ના જી-૧ કક્ષાના બ્લોક નં -૬૮૦/૩માં પણ આજે અજાણ્યા ઈસમનો અડ્ડો હોવાનુ સ્પષ્ટ થતા સ્થાનિક રહીશોમાં ભયની લાગણી વ્યાપી હતી. સે-૮ના જી-૧ કક્ષાના આ બંધ બ્લોકમાં ગંદકીના ઢગ ખડકાયા છે. જયારે ગંદકી વચ્ચે સાપ અને વીંછી સહીતના ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ પણ સ્થાનિક રહીશો માટે ખતરારૂપ બન્યો છે.

નગરના દાયકાઓ જુના સરકારી આવાસો તોડી નવા કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસો બનાવવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે જુના સરકારી આવાસો જાળવણી અને સ્વચ્છતાના અભાવે સ્થાનિક રહીશો માટે અનેકરીતે સમસ્યારૂપ બન્યા છે. રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા બંધ મકાનોની સંખ્યા પણ વિશેષ છે. આવા સંજોગોમાં બંધ મકાનોની યોગ્ય સફાઇ ન થતી હોવાના લીધે ખંડેર બનતા આવાસોમાં દુષણો પણ પાંગરી રહયા છે. સે-૮ ના વીઆઈપી કહેવાતા વિસ્તારમાં જ આવી કંગાળ સ્થિતિ છે. સે-૮ માં જી-૧ કક્ષાના બ્લોક નં ૬૮૦ :૩ છેલ્લા ત્રણ ચાર વર્ષથી બંધ હાલતમાં છે. જયારે આ બ્લોકની તંત્ર દ્વારા કયારેય સફાઈ પણ થતી નથી. જેના લીધે અસહ્ય ગંદકી વચ્ચે કચરાના ઢગ ખડકાયા છે. બીજીતરફ ગંદકીની સાથે સાપ વીંછી જેવા ઝેરી જીવજંતુઓ પણ ફરતા થયા છે જેના લીધે સ્થાનિક રહીશોમાં ભયની લાગણી વ્યાપી છે. સરકારના આવા બંધ મકાનોમાં માર્ગ પર આંટા મારતા જાણભેદુ શખ્સો પણ અડ્ડો જમાવી રહેતા હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ આ આવાસોમાં ગેરકાયદેસર રીતે અડ્ડો જમાવતા તત્વોને કોઈ રોકટોક થતી નથી. જેના લીધે આસપાસના વિસ્તારમાં ચોરીના બનાવો સહીત અન્ય દુષણો પાંગરે તેવો ભય પણ સ્થાનિકોને સતાવી રહયો છે. સેકટરમાં જી વન કક્ષાનો આ બ્લોક રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોવાછતા છેલ્લા ઘણાં સમયથી ખંડેર હાલતમાં હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આ આવાસોમાં યોગ્ય સફાઈ હાથ ધરવામાં આવે તેવી પણ લાગણી પ્રબળ બની છે.



વિશ્વ પર્યાવરણ દિન - મહાનગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે જનજાગૃતિ રેલી યોજાઈ હતી... જેને મેયર સહિતના પદાધિકારીઓએ લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

# ગ-માર્ગની સુધારણાનુ કામ હાથ ધરાયુ : ચોમાસા બાદ બાકી રસ્તાઓ પુર્ણ કરાશે

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હજુ બાકી છે. નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરાયા બાદ હજુ સે-૫ થી ૭ માં રીંગ રોડના પેવર બ્લોકનુ કામ હાથ ધરાશે. જયારે હાલ શહેરમાં ગ માર્ગની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. વરસાદી દિવસો પુર્વે આ કામગીરી પુર્ણ કરી દેવાશે.

ચોમાસુ માથે છે. ત્યારે નગરના માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ હાથ ધરવામાં આવી છે. શહેરમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે વરસાદી પાણીના નિકાલની લાઈનની સફાઈ વરસાદી દિવસો પુર્વે પુર્ણ કરી દેવાશે. બીજીતરફ નગરમાં માર્ગોની સુધારણાના કામો પણ હાથ ધરાયા છે. જેમાં છ માર્ગ તેમજ રોડ નં-૭ નુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હાલ શહેરના ગ માર્ગની સુધારણાનુ કામ પણ હાથ ધરાયુ છે. નગરના ગ માર્ગની સુધારણા ચાર વર્ષ અગાઉ હાથ ધરાઈ હતી જયારે છેલ્લા કેટલાક સમયથી ગ માર્ગ ઉબડ ખાબડ બનતા સમયસર માર્ગની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. વરસાદી દિવસોની શરૂઆત પુર્વે આ માર્ગની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાશે. ત્યારબાદ નગરના ચ અને ઘ માર્ગનુ પણ કામ હાથ ધરાશે. જો કે વરસાદી દિવસો નજીકમાં હોવાથી ચોમાસાના અંતે આ કામગીરી હાથ ધરવામાં આવશે. આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના મુખ્ય માર્ગોની સુધારણા પણ નિયત સમયમાં પુર્ણ કરી દેવાશે.

# પંચાયત પ્રમુખની ચૂંટણીને લઈ જિલ્લામાં રાજકીય દોડધામ વધી

## કોંગ્રેસ દ્વારા ૧૧મી પછી સભ્યોની સેન્સ લઈ પ્રમુખ પદ અંગેની કાર્યવાહી હાથ ધરશે : ભાજપ પણ તક જોઈ મેદાનમાં ઝંપલાવે તેવા સંકેતો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી માટેની તારીખો અંગેની વિધિવત્ ઘોષણા પછી રાજકીય પક્ષોએ પણ તેની તૈયારીઓ હાથ ધરી દીધી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પ્રમુખપદની ચૂંટણીને લઈ અત્યાર સુધી ચાલતા ટોળટપ્પાંઓ પછી હવે જંગે આક્રમકરૂપ ધારણ કરી લીધુ છે. આ જંગ માટે અત્યારે હાલ તો ૪ થી ૫ ઉમેદવારો મેદાનમાં છે.

સંભવિત ઉમેદવારોએ સભ્યો સાથે વ્યક્તીગત સંપર્કો તેજ બનાવી દીધા છે એટલુ જ નહિ હવે તાલુકાવાર સભ્યો સાથે બેઠકોનો સિલસિલો પણ એકાદ દિવસમાં શરૂ થઈ જશે.

કોંગ્રેસ પક્ષ પાસે ૨૪ સભ્યો છે આમ છતાં ભાજપ કદાચ આ જંગમાં ઝુકાવે તેવી શક્યતાઓ પણ છે. જો કે તેના સભ્યોની સંખ્યા ૬ જ છે આમ છતાં કોંગ્રેસમાં અત્યારે જે રીતે ચિત્ર ઉપસી રહ્યુ છે તે જોતાં મહુવા વાળી કરવાની તૈયારી પક્ષ રાખી રહ્યુ હોય તેમ લાગે છે.

ભાજપના સભ્યોએ આજથી પંચાયતમાં તેમની ગતિવિધિ તેજ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતોના પ્રમુખનો ૨૦મીએ ચૂંટણી જંગ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયત સહિત કલોલ, દહેગામ અને માણસા તાલુકા પંચાયતના પ્રમુખોની ચૂંટણી ૨૦ જુન-૨૦૧૮ના રોજ યોજવામાં આવશે. વિકાસ કમિશ્નર દ્વારા આ ચૂંટણી અંગેની તારીખો આજે સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવી છે. આ ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ૧૯મી જુનના રોજ બપોરના ૧૨.૩૦ સુધીમાં ભરવાના રહેશે. બપોરે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે અને ૨૦મીએ સામાન્યસભામાં આ માટે ચૂંટણી યોજાશે.

૨૦મીએ સવારે અગિયાર કલાકે નવા પ્રમુખની ચૂંટણી અંગે સામાન્ય સભાની બેઠક મળશે. જેમાં આ ચૂંટણી એ જ એક માત્ર એજન્ડા રહેશે. મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આ સામાન્યસભા મળશે. જ્યારે કલોલ અને દહેગામ ખાતે પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને બેઠક મળશે જ્યારે માણસામાં જમીન સુધારણા અધિકારીના અધ્યક્ષસ્થાને બેઠક મળશે.

આજે વિકાસ કમિશ્નર તરફથી જિલ્લાતંત્રને જાણ થતાં જ તંત્ર હરકતમાં આવી ગયુ છે અને અધ્યાશી અધિકારીઓની નિમણુંક પ્રક્રિયા પણ સંપન્ન કરી દીધી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૪૯૫, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com